**ભાસ્કર વિશેષ** | મહિલા કોન્સ્ટેબલે બાળકને ખોળામાં બેસાડી બિસ્કિટ-ચોકલેટ આપી શાંત પાડ્યું

# બાપુનગર પોલીસે રોડ પરથી મળેલા 3 વર્ષના બાળકના ફોટા સોશિયલ મીડિયામાં મૂકી 5 કલાકમાં પરિવાર સાથે ભેટો કરાવ્યો

## બાળકને શાંત રાખવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ બાળક બની ગયો પછી આજુબાજુની સોસાયટીમાં તપાસ કરી

ક્રાઇમ રિપોર્ટર | અમદાવાદ

પોલીસનું નામ પડતા જ લોકોમાં ભયનો માહોલ પેદા થાય છે. એમાંય વળી બાળકોને તો પરિવારજનો પોલીસની બીક બતાવતા હોય છે. પરંતુ પોલીસ પણ માણસ છે. તેનામાં પણ સંવેદનશીલતા છે. જેનો એક ઉત્તમ ઉદાહરણ બાપુનગર પોલીસે પૂરું પાડ્યું છે. બાપુનગર પોલીસની સંવેદનશીલતાના કારણે સવારે સાડા નવ વાગે ગુમ થયેલો 3 વર્ષનો બાળક 5 કલાક પછી પરિવારને મળ્યો હતો. ગુમ થયેલો બાળક પોલીસની મદદથી મળી જતાં પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો.

### બાળકના દાદાના મિત્રએ ફોટો જોયો

બાપુનગરના પીઆઈ એન.કે.વ્યાસે જણાવ્યું કે, 3 વર્ષના અવિચલનો ફોટો સોશિયલ મીડિયામાં મૂક્યો. જે અવિચલના દાદાના મિત્રએ જોયો હતો અને તેમણે અવિચલ બાપુનગર પોલીસ સ્ટેશનમાં હોવાની જાણ પિતાને કરતા બાળકનો પરિવાર સાથે મેળાપ થયો.

શુક્રવારે સવારે 9.30 વાગ્યાના સુમારે બાપુનગર શ્યામશિખર બ્રિજ પાસેથી 3 વર્ષનો છોકરો પરિવારથી વિખૂટો પડી રડતા-રડતા રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે બાળક પર પોલીસની નજર પડી હતી. પોલીસે બાળકને તેડી લીધો હતો અને તે ક્યાંથી આવ્યો છે, શું નામ છે તેવું પૂછતા બાળક કોઈ જવાબ આપી શક્યો નહોતો. બાપુનગર પોલીસે આજુબાજુ તપાસ કરી પણ કંઈ જાણ થઈ નહીં.

આથી બાળકને પોલીસ સ્ટેશને લઈ આવ્યા હતાં અને બાળકને મહિલા પોલીસ કોન્સ્ટેબલે ખોળામાં બેસાડી બિસ્કીટ-ચોકલેટ આપતા બાળક શાંત થયો હતો. કોઈ પણ પ્રકારનો ભય કે અજુગતુ ના લાગે માટે પોલીસ સ્ટેશનનો તમામ સ્ટાફ બાળક સાથે બાળક બની ગયો હતો.

પોલીસે બાળકનો ફોટો લઈને આજુબાજુની સોસાયટીમાં તપાસ કરી હતી. અને સોશિયલ મીડિયામાં ફોટો ફરતો કર્યો હતો. આથી ઇન્ડિયા કોલોનીમાં રહેતા 52 વર્ષીય ભરતભાઈ પંચાલ પોલીસ સ્ટેશને આવી ગયા હતાં અને ગુમ થયેલા પૌત્ર અવિચલ હોવાનું જણાવ્યું હતું. પોલીસની પ્રશંસનીય કામગીરીને કારણે પંચાલ પરિવારને સવારથી ગુમ થયેલો અવિચલ બપોરે અઢી વાગે મળી ગયો હતો.